જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૮/૧૬

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી ૫૪૩ લીટર દેશી દારૂ, ૧૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧૪ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, ૮૦ બિયર ટીન, ૧ એક્ટીવા અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.**

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૫૦/૧૬

**કાલુપુરઃ** મોહંમદભાઈ અહેમદભાઈ પટેલ (રહે.શક્કરખાં મસ્જીદની પોળ, મસ્જીદગલી, કાલુપુર ટાવર પાસે, કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પુત્ર જાવેદ મોહમદભાઇ પટેલ અને જુનેદ ભઠીયારો(રહે. સોદાગરની પોળની સામે, ભેસતવાડામાં, કાલુપુર) સાથે પૈસાની લેતી દેતી બાબતે થયેલ ઝઘડાની અદાવત રાખી તા.૮/૯/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર સોદાગરની પોળના નાકે,ભેસતવાડાની સામે આરોપી જુનેદ ભાઠીયારોએ પોતાના પુત્ર જાવેદ પટેલને છાતીના ભાગે છરી વડે જીવલેણ ઇજા કરી મોત નીપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ ડી ઉપાધ્યાય ચલાવે છે.

## ખાડામાં ન્હાવા પડતા ડુબી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૫૧/૧૬

**જીઆઈડીસી વટવાઃ** પ્રવિણભાઈ જગમાલભાઈ ભરવાડ (ઉ.વ.૧૩) (રહે..મંછુનગર પાવર હાઉસ સામે જીઆઈડીસી વટવા) તા.૮/૯/૧૬ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે એનર્જી એન્જીનિયરીંગ કંપની જીઆઈડીસી વટવાની પાછળ પાણી ભરેલા ખાડામા ન્હાવા પડતા પાણીમાં ડુબી જતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈ શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)